| **Headline:** Hi-Tech pipes lists on NSE SME segment | |
|---|---|
| **Source:** Financial Express (Gujarati) | **Date:** 26 February 2016 |

# હાઇ-ટેક પાઇપ્સ એનએસઇના ઇમર્જ પર ૧૩મી કંપની બની

પીટીઆઇ
મુંબઇ,તા.૨૫

પાઇપો બનાવતી હાઇ-ટેક પાઇપ્સે નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઇ)ના એસએમઇ સેગમેન્ટમાં નોંધણી કરાવી છે અને તે સાથે એનએસઇના આ ઇમર્જ સેગમેન્ટમાં નોંધણી કરાવનારી ૧૩મી કંપની તરીકેનો દરજ્જો તેને હાંસલ કર્યો છે.



નાના અને મધ્યમ કદના ઉદ્યોગો (એસએમઇ)ના પ્લેટફોર્મ ×ઇમર્જ×માં તેની નોંધણી થવા પામી છે.

સ્ટોક એક્સચેંજે આ માહિતી આપતા જણાવ્યું છે કે, હાઇ-ટેક પાઇપનું જાહેર ભરણું ૨.૬૪ ગણુ ભરાયું હતું અને તે સાથે તે સૌથી વધારે જેનું ભરણું ભરાયું હોય તેવી આ સેગમેન્ટમાં નોંધાનારી કંપની બની છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, એનએસઇમાં નોંધાયાલી એસએમઇના કિસ્સામાં ઇમર્જ ઇલેક્ટ્રોનીક માર્કેટપ્લેસ છે.

કંપનીના દસ્તાવેજ પ્રમાણે હાઇટેક પાઇપ્સ સ્ટીલ પાઇપ, હોલો સેક્શન, ટ્યુબ્સ, કોલ્ડ રોલ્ડ કોઇલ્સ, રોડ ક્રેશ બેરીયર્સ, સોલાર માઉન્ટીંગ માળખાઓ, સ્ટ્રીપ્સ તેમજ વિવિધ પ્રકારના ગેલ્વેનાઇઝ્ડ પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરે છે.

કંપની બે સ્થળે ઉત્પાદકીય સવલતો ધરાવે છે, જેમાં ઉત્તર પ્રદેશમાં આવેલા સીંકદરાબાદ અને તાજેતરમાં ગુજરાતમાં સાણંદ ખાતે કંપનીએ પ્લાન્ટ કાર્યાન્વિત કર્યો છે.